# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશનો પ્રવાસ પૂર્ણ કરી દિલ્હી આવવા રવાના.

2) ઓમાનના સુલતાને શ્રી મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન “ઑર્ડર ઑફ ઓમાન પુરસ્કાર”થી સન્માનિત કર્યા.

3) લોકસભામાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગૅરન્ટી મિશન – ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો – જી-રામ-જી 2025 પસાર.

4) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, જી-રામ-જી યોજના હેઠળ 60 ટકા રકમ; વેતન અને 40 ટકા સામગ્રી માટે નિર્ધારિત છે.

5) અમેરિકા તાઈવાનને 10 અબજ ડૉલરથી વધુના શસ્ત્રોનું વેચાણ કરશે.

6) દુબઈમાં ભારતીય પુરુષ અને મહિલા ટીમે વર્તમાન વિજેતા કૅન્યાને હરાવી રૉલબૉલ વિશ્વકપનો ખિતાબ જીત્યો.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM THREE NATION CONCLUDE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓમાન, ઈથોપિયા અને જોર્ડન ત્રણ દેશનો સફળ પ્રવાસ પૂર્ણ કરીને દિલ્હી આવવા રવાના થયા છે. આ પહેલા ઓમાનના પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રીને બંને દેશના સંબંધમાં નોંધપાત્ર યોગદાન અને દૂરંદેશી નેતૃત્વ બદલ ઓમાનના સુલતાન હિશામ બિન તારિકે ઓમાનના સર્વોચ્ચ નાગરિક સન્માન "ઑર્ડર ઑફ ઓમાન" પુરસ્કારથી સન્માનિત કર્યા. પ્રધાનમંત્રીએ આ સન્માનને બંને દેશની સદીઓ જૂની મિત્રતાને સમર્પિત કરી અને તેને ભારત તથા ઓમાનની 14 લાખ જનતા વચ્ચેના પ્રેમ અને સ્નેહનું પ્રતીક ગણાવ્યું.

અગાઉ ભારત અને ઓમાને વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી કરાર – C.E.P.A. પર હસ્તાક્ષર કરીને પોતાના દ્વિપક્ષીય આર્થિક સંબંધમાં એક મહત્વની સિદ્ધિ હાંસલ કરી.

પ્રધાનમંત્રીએ શાહીમહલમાં સુલતાન સાથે પરસ્પર હિતના વ્યૂહાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરી અને વ્યક્તિગત અને પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક યોજી. પ્રધાનમંત્રીએ મસ્કતમાં ભારતીય સમુદાયના સભ્યોની એક વિશાળ સભાને સંબોધતા કહ્યું, વિવિધતા ભારતીય સંસ્કૃતિનો પાયો છે અને ભારતીય મૂલ્ય લોકોને કોઈ પણ સમાજમાં એકીકૃત કરવામાં મદદ કરે છે.

(BYTE: PM NARENDRA MODI) - DIVERSITY

ઓમાનમાં ભારતીય સમુદાય પ્રત્યે સન્માનનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ લોકોના વિકાસ માટે ઓમાનના સુલતાન હિશામ બિન તારિકના સતત સમર્થન માટે તેમનો આભાર વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . .

# REV LS G RAM G

લોકસભામાં આજે વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગેરન્ટી મિશન – ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો – જી-રામ-જી 2025 પસાર કરાયો. આ ખરડો 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ – મનરેગા 2005નું સ્થાન લેશે. આ ખરડાનો ઉદ્દેશ વિકસિત ભારત 2047ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ ગ્રામીણ વિકાસ માળખું સ્થાપિત કરવાનો છે. આ ખરડા હેઠળ દર વર્ષે દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતન રોજગારની કાયદાકીય બાંહેધરી અપાશે. તેમાં પરિવારના પુખ્ત વયના અકુશળ સભ્યો કે , જેઓ શારીરિક શ્રમ કરવા તૈયાર છે તેમને વેતન અપાશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે રકમની વહેંચણીનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાય તમામ રાજ્ય માટે 60 અને 40નો રહેશે. જ્યારે ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યોમાં આ ગુણોત્તર 90 અને 10નો રહેશે.

ખરડા પર ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મનરેગા યોજનાને યોગ્ય અન અસરકારક રીતે લાગૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું, આ યોજના હેઠળ 60 ટકા રકમ વેતન અને 40 ટકા સામગ્રી માટે નિર્ધારિત છે.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN) G RAM G

વિરોધ પક્ષના હોબાળા વચ્ચે શ્રી ચૌહાણે પોતાનો જવાબ આપ્યો. બાદમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહને દિવસભર માટે સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . .

# RAM SUTAR DEMISE

પ્રખ્યાત શિલ્પકાર રામ વનજી સુતારનું ગત મોડી રાત્રે ઉત્તરપ્રદેશમાં નોયડાના તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ 100 વર્ષના હતા. સ્વર્ગીય રામ સુતાર ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા – સ્ટેચ્યૂ ઑફ યુનિટીની ડિઝાઈન માટે પ્રખ્યાત હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ તેમના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું , શિલ્પકારના નોંધપાત્ર યોગદાને ભારતના કલાત્મક અને સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કર્યો છે.

ઉપ-રાષ્ટ્રપતિએ કહ્યું, મહાન શિલ્પકાર અને ભારતીય કળામાં નોંધપાત્ર યોગદાન રહ્યું છે. તેમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને મહાત્મા ગાંધી તથા છત્રપતિ શિવાજી મહારાજ જેવા મહાન નેતાઓને સમર્પિત અસંખ્ય સ્મારક કૃતિઓનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ પણ શોક સંદેશમાં કહ્યું , તેઓ એક અસાધારણ શિલ્પકાર હતા , જેમની નિપુણતાએ ભારતને કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઑફ યુનિટી સહિત કેટલાક સૌથી પ્રખ્યાત સ્મારક આપ્યા છે.

વર્ષ 1925માં મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં જન્મેલા રામ સુતાર મુંબઈની જે.જી. સ્કૂલ ઑફ આર્ટ ઍન્ડ આર્કિટેક્ચરના સુવર્ણ ચંદ્રક વિજેતા હતા. સંસદ પરિસરમાં ધ્યાન મુદ્રામાં બેઠેલા મહાત્મા ગાંધીજી અને ઘોડા પર સવાર છત્રપતિ શિવાજી મહારાજની પ્રખ્યાત મૂર્તિઓ તેમને ઉત્તમ રચનાઓમાંથી એક છે. સ્વર્ગીય રામ સુતારને વર્ષ 1999માં પદ્મશ્રી અને વર્ષ 2016માં પદ્મભૂષણથી સન્માનિત કરાયા હતા. હાલમાં જ તેમણે રાજ્યના સર્વોચ્ચ પુરસ્કાર મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કારથી પણ સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી  પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને  અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RS 5G SERVICES

સરકારે જણાવ્યું, તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચમી પેઢીની એટલે કે, 5-G સેવાઓ શરૂ કરવામાં આવી છે અને હાલમાં તે દેશના 99 પૂર્ણાંક નવ ટકા જિલ્લામાં ઉપલબ્ધ છે. રાજ્યસભામાં આજે એક પ્રશ્નના લેખિત જવાબમાં સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી પેમ્માસાની ચંદ્રશેખરે જણાવ્યું , દૂરસંચાર સેવા પૂરી પાડનારાઓને દેશભરના એક લાખથી વધુ ગામમાં 5-G બેઝ ટ્રાન્સસિવર મથક સ્થાપિત કરાયા છે . તેમણે કહ્યું, ગત પાંચ વર્ષમાં ઇન્ટરનેટ ગ્રાહકોની સંખ્યામાં 241 કરોડથી વધુની વૃદ્ધિ થઈ છે.

. . . . . . . . . . . . .

# US TAIWAN ARM SALE

ટ્રમ્પ વહીવટી તંત્રએ તાઈવાનને દસ અબજ ડૉલરથી વધુના મોટા શસ્ત્ર જથ્થાના વેચાણની જાહેરાત કરી છે. અમેરિકાના આ પગલાંથી ચીનને આકરી પ્રતિક્રિયા આપી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે ગત રાત્રે 82 ઉચ્ચ ગતિશીલતાની દારૂગોળા રૉકેટ પ્રણાલિ અને 420 સેંના મિસાઈલ પ્રણાલિ સહિત આઠ હથિયાર વેચાણ સમજૂતી કરારની જાહેરાત કરી. આ શસ્ત્રોની કિંમત ચાર અબજ ડૉલરથી વધુની છે. રશિયાથી પોતાની રક્ષા કરવા અમેરિકાએ બાઈડન વહીવટી તંત્રના સમયગાળામાં આ શસ્ત્રો યુક્રેનને અપાયા હતા.

ચીનના વિદેશ મંત્રાલયે આ નિર્ણયની ટીકા કરતા જણાવ્યું , આ ચીન અને અમેરિકા વચ્ચે રાજદ્વારી સંબંધનું ઉલ્લંઘન છે. આ વેચાણ ચીનના સાર્વભૌમત્વ , સુરક્ષા અને પ્રાદેશિક અખંડિતતા તથા સ્થિરતા માટે જોખમી છે. રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ચીન સાથેના તણાવમાં ઉતાર-ચઢાવ આવતો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# EVE INDIA NETHERLANDS

ભારત અને નેદરલૅન્ડ્સે આજે એક સ્વતંત્ર , મુક્ત, સમાવેશક અને નિયમ આધારિત ભારત-પ્રશાંત ક્ષેત્ર પ્રત્યે પોતાની પરસ્પર પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ અને નેદરલૅન્ડ્સના વિદેશમંત્રી ડૅવિડ વૅન નીલે નવી દિલ્હીમાં યોજાયેલી એક બેઠકમાં બંને દેશ વચ્ચે મજબૂત અને વધતા સંરક્ષણ સહકારની પુષ્ટિ કરી.

બંને મંત્રીએ સંરક્ષણ ઉપકરણોના સહવિકાસ અને સહ ઉત્પાદન માટે પ્રાથમિકતાવાળા ક્ષેત્ર સહિય અનેક દ્વિપક્ષીય સુરક્ષા અને સંરક્ષણ મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે વ્યૂહાત્મક ભાગીદારીના એક મુખ્ય સ્તંભ તરીકે સંરક્ષણ સહયોગને વિકસિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરતા સૈન્ય સહકારને વધારવાની પ્રતિબદ્ધતાની પણ પુષ્ટિ કરી.

બંને નેતાએ ગાઢ સંરક્ષણ સહકાર અને બંને દેશના સંરક્ષણ ઉદ્યોગને જોડવાની આવશ્યકતા ખાસ કરીને વિશેષ ટૅક્નોલૉજીના ક્ષેત્ર પર ભાર આપ્યો. બંને દેશના વિદેશમંત્રીઓની ઉપસ્થિતિમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને ભારતના નેદરલૅન્ડ્સનાં રાજદૂત મારિસા ગૅરાર્ડ્ઝ વચ્ચે સંરક્ષણ સહકાર પર એક આશય-પત્રનું આદાન-પ્રદાન પણ થયું.

દરમિયાન શ્રી સિંઘે કહ્યું , બંને દેશના લોકો વચ્ચે સંબંધઘણા મજબૂત છે. નેદરલૅન્ડ્સમાં મોટી સંખ્યામાં પ્રવાસી ભારતીય એક જીવંત સેતુ તરીકે કામ કરી રહ્યા છે અને મિત્રતાના બંધનને મજબૂત કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# ROLE BALL WORLD CUP

દુબઈમાં ભારતીય પુરુષ અને મહિલા ટીમે વર્તમાન વિજેતા કૅન્યાને હરાવી રૉલબૉલ વિશ્વકપનો ખિતાબ જીતી લીધો છે . પુરુષ ટીમે કૅન્યાને 11—10થી હરાવી પાંચમી વખત ખિતાબ જીત્યો છે . જ્યારે મહિલા ટીમે કેન્યાને ત્રણ —બેથી હરાવી ત્રીજી વખત ફાઈનલ મુકાબલો પોતાના નામે કર્યો છે.

. . . . . . . . . . . . .

# REV NUCLEAR BILL

રાજ્યસભામાં આજે ભારતના પરિવર્તન માટે પરમાણુ ઉર્જાને સતત ટકાઉ ઉપયોગ અને વિકાસ 2025 પર ચર્ચા થઈ. લોકસભામાં આ ખરડો ગઈકાલે પસાર થઈ ગયો હતો. આ ખરડો પરમાણુ ઉર્જા અધિનિયમ 1962 અને પરમાણુ નુકસાન માટે નાગરિક જવાબદારી અધિનિયમ 2010નું સ્થાન લેશે. આ ખરડાનો ઉદ્દેશ દેશવાસીઓના વિકાસ માટે પરમાણુ ઉર્જા અને આયનાઈઝિંગ રેડિએશનના વિકાસ દ્વારા પરમાણુ ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.

ખરડામાં પરમાણુ ઉર્જા નિયમનકારી બોર્ડની રચના અને પરમાણુ ઉર્જા નિવારણ સલાહકાર પરિષદની સ્થાપનાની જોગવાઈ છે. ખરડામાં પરમાણુ દુર્ઘટનાની સ્થિતિમાં કેન્દ્ર સરકારની જવાબદારીની પણ જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે ખરડા હેઠળ પોતાની જવાબદારીને પૂર્ણ કરવા એક પરમાણુ જવાબદારી ભંડોળની સ્થાપના પણ કરી છે.

આ ખરડો બોર્ડને કોઈ પણ કિરણોત્સર્ગી પદાર્થ અને વિકિરણ ઉત્પન્ન કરનારા ઉપકરણોના નિર્માણ , ઉપયોગ, નિકાસ, આયાત, પરિવહન અને હસ્તાંતરણને નિયમન કરવામાં સક્ષમ બનાવે છે.

. . . . . . . . . . . . .